# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૨ suratdeo@gmail.com

web :-www.suratdeo.org


જા.નં:-GPF/નં/ફાળવણી/૨૦૨૬/ તા. /૦ ૩/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ (જિ- સુરત),

બિનસરકારી અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તમામ (જિ-સુરત).

વિષય:- સામાન્ય ભવિષ્યનિધિમાં જમા કરવાની વાર્ષિક રકમની મર્યાદા નક્કી કરવા બાબત.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગના તા.૦૬/૦૨/૨૦૨૪ના પત્રાંક: ED/0135/02/2024
(૨) નાણા વિભાગના તા.૨૦/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: પીએફઆર/૧૦૨૦૧૪/૬૦૭/ચ.
(૩) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના તા.૦૯/૦૨/૨૦૨૪ના પત્રાંક: COS/0153/02/2024

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે નાણા વિભાગના સંદર્ભ (૨) અન્વયેના પત્રથી આગામી નાંણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી સામાન્ય ભવિષ્યનિધિમાં જમા કરવાની વાર્ષિક રકમની મહત્તમ મર્યાદા નક્કી કરવા બાબત ઠરાવ થઈ આવેલ છે. જે અંગેની જાણ તથા અમલ થવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત.

**બિડાણ:-**

ઉપરોકત સંદર્ભિત પત્ર અને ઠરાવની નકલ

કમિશનર શાળાઓની કચેરી
ચોથો માળ, વિદ્યા સમિક્ષા કેન્દ્ર
પુનિતવનની સામે, ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ જિલ્લા

**વિષય : સામાન્ય ભવિષ્યનિધિમાં જમા કરવાની વાર્ષિક રકમની મર્યાદા નક્કી કરવા બાબત.**
સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગનો Letter No: ED/0135/02/2024 Dt: 06-02-2024
(૨) નાણા વિભાગના તા.૨૦-૦૧-૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક: પીએફઆર/૧૦૨૦૧૪/૬૦૭/ચ

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે નાણા વિભાગના સંદર્ભ (૨) અન્વયેના પત્રથી આગામી નાંણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી સામાન્ય ભવિષ્યનિધિમાં જમા કરવાની વાર્ષિક રકમની મહત્તમ મર્યાદા નક્કી કરવા બાબત ઠરાવ થઈ આવેલ છે. જે અંગેની જાણ આપની કચેરી તેમજ તાબાની તમામ શાળાઓ તથા સંસ્થાઓના કર્મચારીઓને થાય તે મુજબ જરૂરી કાર્યવાહી કરવા સારૂ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે આપશ્રીને વિદિત થાય.

બિડાણ :- ઉપર મુજબ

**સંયુક્ત નિયામક (હિસાબ)**

**નકલ રવાના** :
(૧) નાયબ સચિવ શ્રી બજેટ તરફ જાણ સારુ.
(૨) નાયબ નિયામકશ્રી મહેકમ તરફ અત્રેની કચેરીના તમામ કર્મચારીઓને જાણ કરવા સારુ.
(૩) હિસાબી અધિકારી (વર્ગ-૧), હિસાબી શાખા, સદર કચેરી (પગાર દફતરે)

શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

**પ્રતિ,**

(૧)કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, ગાંધીનગર.
(૨)સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સે-૧૭,ગાંધીનગર.
(૩)કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લો. ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૪)નિયામકશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૫)નિયામકશ્રી,મધ્યાહન ભોજન યોજના, બ્લો.૧૪, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૬)નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લો૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૭)સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડ સે. ૧૦બી, ગાંધીનગર.
(૮)નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સે. ૧૨ ગાંધીનગર.
(૯)નિયામકશ્રી,ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ,સે-૧૦,ગાંધીનગર.
(૧૦)નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૧૧)નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન,નવરંગપુરા, અમદાવાદ
(૧૨)અધ્યક્ષશ્રી ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર ૨૧ ગાંધીનગર
(૧૩)નિયામકશ્રી, એન.સી.સી. હનુમાન કેમ્પ, કેન્ટોમેન્ટ એરીયા,અમદાવાદ
(૧૪)ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રીબ્યુનલ કચેરી, પીઆર ટ્રેનિંગ કોલેજ કેમ્પસ, રાયખડ, ચાર રસ્તા, અમદાવાદ-૧.

**વિષય :** સામાન્ય ભવિષ્યનિધિમાં જમા કરાવવાની વાર્ષિક રકમની મર્યાદા નક્કી કરવાની બાબત

**શ્રીમાન,**

ઉપરોકત વિષય પરત્વે નાણાં વિભાગના તા. ૨૦/૦૧/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક : પીએફઆર/૧૦૨૦૧૪/૬૦૭/ચ ને વંચાણે લેવા આ સાથે સામેલ રાખી મોકલી આપતા જણાવવાનું કે, પત્રમાં જણાવેલ સૂચનાઓ ધ્યાને લઈ નિયમ અનુસારની કાર્યવાહી કરવા વિનંતી છે.

**આપનો વિશ્વાસુ,**

**બિડાણ**: ઉપર મુજબ

(કે. બી. પટણી)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

**સામાન્ય ભવિષ્યનિધિમાં જમા કરાવવાની વાર્ષિક રકમની મર્યાદા નક્કી કરવા બાબત.**

ગુજરાત સરકાર

નાણા વિભાગ

**ઠરાવ ક્રમાંક: પીએફઆર/૧૦૨૦૧૪/૬૦૭/ચ**

સચિવાલય, ગાંધીનગર.

તા:૨૦/૦૧/૨૦૨૪

**વંચાણે લીધા: (૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:** પીએફઆર/૧૦૯૩/૫૩/ચ, તા.૨૯/૦૩/૧૯૯૩

**(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:** પીએફઆર/૧૦૨૦૧૪/૬૦૭/ચ, તા.૨૦/૦૯/૨૦૧૪

**(૩) ભારત સરકારના ઓફીસ મેમોરેન્ડમ** F.No.3/6/2021-P&PW(f) , તા:૧૧/૧૦/૨૦૨૨

અને F.No.3/13/2022-P&PW(f)(8353) તા:૦૨/૧૧/૨૦૨૨

**આમુખ:**

રાજય સરકારના કર્મચારીઓને સામાન્ય ભવિષ્ય નિધિમાં લઘુતમ કપાત બાબતે નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના તા.૨૯/૦૩/૧૯૯૩ના ઠરાવથી સરકારી કર્મચારીના મુળ પગારના ૧૦% રકમ ફરજીયાત સામાન્ય ભવિષ્ય નિધિમાં જમા કરાવાનું ઠરાવવામાં આવેલ. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક(૨) નાણા વિભાગના તા:૨૦/૦૯/૨૦૧૪ના ઠરાવથી સરકારી કર્મચારીઓ તેઓના મળતરના ૫૦% રકમ સુધી સામાન્ય ભવિષ્ય નિધિમાં મહત્તમ કપાત કરાવવાનું ઠરાવવામાં આવેલ. રાજય સરકારના કર્મચારીઓના ભવિષ્યનિધિના ખાતામાં વાર્ષિક કેટલી મહતમ રકમ જમા કરાવી શકે તે માટે કોઈ મર્યાદા નિયત થયેલ નથી. આ બાબતે ભારત સરકારનાં વંચાણે લીધેલ તા:૧૧/૧૦/૨૦૨૨ અને તા:૦૨/૧૧/૨૦૨૨ના ઓફીસ મેમોરેન્ડમથી જી.પી.એફ. ખાતેદાર કર્મચારીઓના કિસ્સામાં નાણાકીય વર્ષ દરમ્યાન સરકારી કર્મચારી સામાન્ય ભવિષ્ય નિધિમાં મહતમ રકમ જમા કરાવવાની મર્યાદા નિયત કરવામાં આવેલ છે. જેથી આ બાબતે રાજય સરકાર દ્વારા પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

રાજય સરકારના જી.પી.એફ. ખાતેદાર કર્મચારીઓના કિસ્સામાં નાણાકીય વર્ષ દરમ્યાન સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાં મહતમ **રૂ.૫.૦૦/-** લાખ સુધીની રકમ જમા કરાવવાની મર્યાદા

નિયત કરવામાં આવે છે. આ મર્યાદા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી લાગુ કરવાની રહેશે અને તેનો ચુસ્તપણે અમલ થાય તેની જવાબદારી સંબંધિત ઉપાડ અને વહેચણી અધિકારીશ્રીની રહેશે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(આઈ.ડી.ચૌધરી)
**નાયબ સચિવ**
**નાણા વિભાગ**

**નકલ રવાના:**

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
  (ખાતાના વડાઓ/કચેરીના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/રાજકોટ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ તરફ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારુ.
- શાખા સિલેક્ટ ફાઈલ
  (પત્ર દ્વારા રવાના)